**આદિજાતિ વિસ્તારોમાં ગૃહ વપરાશ માટેના તથા કૂવા પેટાપરાના વિજજોડાણની યોજનાઓના અસરકારક અમલ બાબત.**

ગુજરાત સરકાર
પરિપત્ર ક્રમાંકઃ ટીએસપી/૨૦૧૨/૧૩૨/ક.૧
ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ 18 DEC 2013

**પ રિ પ ત્રઃ**

રાજય સરકાર ધ્વારા આદિજાતિ વિસ્તારોમાં રહેતા આદિજાતિના લોકોને જાહેર સુખાકારીની તમામ સવલતો ઉપલબ્ધ થાય અને તેમના જીવનધોરણમાં સુધારો થાય તદર્થે સરકારશ્રીએ અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. આ યોજનાઓનો અપેક્ષિત હેતુ સિધ્ધિ અર્થે અસરકારક અમલ થાય તે અત્યંત આવશ્યક છે.

ઉપર્યુકત હેતુની પરિપૂર્તિ અર્થે આદિજાતિ લોકોને વિના મૂલ્યે ગૃહ વપરાશના વિજ જોડાણ પુરા પાડવાની તથા કૂવાઓ અને પેટાપરાના વિજળીકરણની યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાઓનો અમલ રાજય સરકારના ગુજરાત ઉર્જા વિકાસ નિગમ તથા તેને સંલગ્ન ચાર વિજ વિતરણ કંપનીઓ ધ્વારા કરવામાં આવે છે.

પ્રસ્તુત યોજનાઓના અમલીકરણમાં ક્ષેત્રિય કક્ષાએ ઘણા પ્રશ્નો ઉપસ્થિત થતા હોઇ આ અંગે સરકારશ્રીને રજૂઆતો મળતી હોય છે. છેલ્લે માન.ધારાસભ્યશ્રીઓ ધ્વારા નીચેના પ્રશ્ને રજૂઆત કરવામાં આવી છે.

(૧) છેવાડા છુટાછવાયા રહેતા આદિવાસીઓને વીજળીની વ્યવસ્થા ૧૦૦ ટકા સહાયથી થાય તે અંગે આયોજન કરવામાં આવે. કેટલાક થાંભલાઓ નાંખવાના હોવાથી એના પૈસા ગરીબ માણસ ભરી ન શકવાથી લાઇટ વિના વંચિત રહી જાય છે.

(૨) આદિવાસી બી.પી.એલ. ગ્રાહકને વીજકનેકશન અને મીટર આપવામાં આવ્યા છે. એને ત્રણ વર્ષના કે બે વર્ષની ઉપરના એકી સાથે બીલ લઇને રૂ. ૧૫,૦૦૦/ (પંદર હજાર), રૂ. ૨૦,૦૦૦ (વીસ હજાર) જેવા બીલો આપવામાં આવ્યા છે. જે એ સમાજ માટે ખૂબ જ અસહ્ય છે. તેઓનું કનેકશન પૈસા ન ભરવાને કારણે કાપી

નાંખવામાં આવે છે. જેથી લાઇટથી વંચિત થઇ જાય છે. અને સરકારશ્રીએ આપેલ સહયોગ બીન ઉપયોગિ થઇ જાય છે. તે અંગે તાત્કાલિક ઘટતું કરવામાં આવે.

(૩) આ ઉપરાંત સરકારશ્રીએ જંગલની જમીનના હકકો આદિજાતિના લોકોને આપેલ છે ત્યાં પણ વીજ જોડાણ પૂરુ પડવામાં ક્ષેત્રિય કચેરીઓ દ્વારા વિલંબ કરવામાં આવતો હોવાની રજૂઆતો મળે છે. તા. ૧૭-૧૨-૨૦૧૨ ના રોજ યોજાયેલ બેઠકમાં પ્રસ્તુત બાબતે સત્વરે કાર્યવાહી હાથ ધરી પ્રશ્નોના નિરાકરણ માટે માન.મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ) ધ્વારા સૂચના આપવામાં આવી છે.

આદિવાસી વિસ્તારોમાં વિજળીકરણની કામગીરી માટે જરૂરી થાંભલા સ્થાપિત કરવા માટે લાભાર્થી પાસેથી કોઇ નાણાં વસુલવામાં ન આવે તથા જે લાભાર્થીઓને વિજ જોડાણ અપાયા છે તેઓને એક સાથે એકત્રીત બિલ ન આપતાં નિયમાનુસાર દર બે માસે બિલ આપવામાં આવે તે જ રીતે જંગલની જમીનના હકકો જે લાભાર્થીઓને મળેલ છે તેઓને સત્વરે વિજ જોડાણ મળે તે સુનિશ્ચિત કરવાની જરુરીયાત છે.

ઉપર્યુકત ત્રણેય બાબતોમાં અને તે ઉપરાંત આદિજાતિના લોકોને ગૃહ વપરાશ કે કુવા-પેટાપરાના વિજ જોડાણ મેળવવા માટે કોઇ તકલીફ/ અવરોધોનો સામનો ન કરવો પડે તેવી અસરકારક વ્યવસ્થા ગોઠવવા અને આ બાબતે પર્યાપ્ત સંવેદનશીલતા દાખવી ઉકત પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ સત્વરે લાવવામાં આવે અને જરુરીયાતના પ્રસંગોએ સરકારશ્રીના અન્ય ખાતાઓનો પણ પરામર્શ કરી વિજળીકરણના પ્રશ્નોનો નિકાલ થાય તેવી અસરકારક વ્યવસ્થા ગોઠવવા સરકારશ્રીની સૂચનાનુસાર આથી તમામ વિજ કંપનીઓને જણાવવામાં આવે છે. સરકારશ્રીની આ સૂચનાઓ ત્વરીત ગતિથી ક્ષેત્રિય કચેરીઓ/ સબડીવિઝન કક્ષા સુધી પહોંચે અને તેનો તાત્કાલિક અમલ થાય તે સુનિશ્ચિત કરવા પણ આથી સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એચ. એફ. ગાંધર્વ )
સંયુકત સચિવ,
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમીટેડ, વડોદરા.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ઉતર ગુજરાત વિજ કંપની લિમીટેડ, મહેસાણા.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમીટેડ, સુરત.

- મેનેજીંગ ડીરેકટરશ્રી, મધ્ય ગુજરાત વિજ કંપની લિમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડીરેકટરશ્રી, પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ, રાજકોટ.
- માન.મંત્રીશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સના અંગત સચિવશ્રી તરફ.
- માન.મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ અને વન પર્યાવરણના અંગત સચિવશ્રી તરફ.
- અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ. સચિવાલય, ગાંધીનગર.
- માન.શ્રી પાટકર રમણલાલ નાનુભાઇ, ધારાસભ્યશ્રી ઉમરગામ,
  મુ.પો. ઘોડીપાડા તા. ઉમરગામ, જિ. વલસાડ.
- માન. શ્રી મંગુભાઇ છગનભાઇ પટેલ, ધારાસભ્યશ્રી ગણદેવી,
  "સ્વાંકીત", સહયોગ સોસાયટી, લુન્સીકુઇ, નવસારી, જિ. નવસારી.
- માન. શ્રી ઢોડીયા મોહનભાઇ ધનજીભાઇ, ધારાસભ્યશ્રી મહુવા
  મુ.પો.અંધાત્રી, (ધામલીયા માસ્તર ફળીયુ) તા. વાલોડ, જિ. તાપી.
- માન. શ્રી મોતીલાલ પુનીયાભાઇ વસાવા, ધારાસભ્યશ્રી દેડીયાપાડા
  વેરાઇમાતાના મંદિર સામે, મુ.પો. તા. દેડીયાપાડા, જિ. નર્મદા.
- માન. શ્રી શબ્દશરણ ભાઇલાલભાઇ તડવી, ધારાસભ્યશ્રી, નાંદોદ,
  મુ. ધામદરા ( ડેકાઇ ) પોસ્ટ-ઝરિયાવાડી, તા. નાંદોદ, જિ. નર્મદા.
- માન. શ્રી જયંતિભાઇ શવજીભાઇ રાઠવા, ધારાસભ્યશ્રી, જેતપુર
  મુ. પાનીબાર, પોસ્ટ-સજવા, તા. જેતપુરપાવી, જિ. વડોદરા
- માન. શ્રી જશવંતસિંહ સુમનભાઇ ભાભોર, ધારાસભ્યશ્રી, લીમખેડા,
  મુ.પો-દાસા, તા. લીમખેડા, જિ. દાહોદ.
- માન .શ્રી રમેશભાઇ ભુરાભાઇ કટારા, ધારાસભ્યશ્રી, ફતેપુરા
  મુ. હીંગલા, પોસ્ટ-સાગડાપાડા, તા. ફતેપુરા, જિ. દાહોદ.
- માન. શ્રી નીમીષાબેન મનહરસિંહ સુથાર, ધારાસભ્યશ્રી, મોરવાહડફ,
  મુ.પો. મોરવાહડફ, તા. મોરવાહડફ, જિ. પંચમહાલ.
- માન. શ્રી કાન્તીલાલભાઇ રેશમાભાઇ ગામીત, ધારાસભ્યશ્રી, નિઝર,
  મુ. ભગત ફળીયુ, ડોસવાડા, તા. સોનગઢ, જિ. તાપી.
- માન. શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી, ધારાસભ્યશ્રી, દાંતા,
  મુ. ધાંધુ, પોસ્ટ-સરોતરા, તા. અમીરગઢ, જિ. બનાસકાંઠા
- માન. શ્રી અશ્વિનભાઇ કોટવાલ, ધારાસભ્યશ્રી, ખેડબ્રહમા,
  ૯૮-આદર્શ બંગલોઝ, મોતીપુરા, હિંમતનગર, જિ. સાબરકાંઠા.
- માન. શ્રી ગેંદાલભાઇ મોતીભાઇ ડામોર, ધારાસભ્યશ્રી, સંતરામપુર,
  મુ. કોલેજ રોડ, સંતરામપુર, તા. સંતરામપુર જિ. પંચમહાલ.
- માન. ર્ડા. મિતેષભાઇ કલાભાઇ ગરાસીયા, ધારાસભ્યશ્રી, ઝાલોદ,
  ૧/ક, જલારામ સોસાયટી, મુવાડા,- ઝાલોદ, જિ.દાહોદ.

- માન. શ્રી વજેસિંગભાઇ પારસિંગભાઇ પણદા, ધારાસભ્યશ્રી, દાહોદ,
  મુ. તળાવફળિયુ, વણભોરી, પોસ્ટ-ગમલા, તા.જિ. દાહોદ.
- માન. શ્રીમતી ચંદ્રીકાબેન છગનભાઇ બારીયા, ધારાસભ્યશ્રી, ગરબાડા,
  મુ. નવા ફળીયા, ગરબાડા, તા.ગરબાડા, જિ. દાહોદ.
- માન. શ્રી મોહનસિંહ છોટુભાઇ રાઠવા, ધારાસભ્યશ્રી, છોટાઉદેપુર,
  મુ. પો. બાર, તા.જેતપુરપાવી, જિ. વડોદરા.
- માન. શ્રી ધીરુભાઇ ચુનીલાલ ભીલ, ધારાસભ્યશ્રી, સંખેડા,
  મુ. કેસરપુરા, પોસ્ટ-મોઘલા, તા. નસવાડી, જિ. વડોદરા.
- માન. શ્રી છોટુભાઇ અમરસિંહ વસાવા, ધારાસભ્યશ્રી, ઝગડીયા,
  મુ. માલજીપુરા, પોસ્ટ-ધારોલી, તા. ઝગડીયા, જિ. ભરુચ.
- માન. શ્રી પરભુભાઇ નાગરભાઇ વસાવા, ધારાસભ્યશ્રી, માંડવી,
  મુ. ૩૫-આશ્રમફળીયુ, સઠવાવ, તા. માંડવી, જિ. સુરત.
- માન. શ્રી પુનાભાઇ ઢેડાભાઇ ગામીત, ધારાસભ્યશ્રી, વ્યારા,
  મુ. પો. કરંજવેલ ( નિશાળ ફળીયુ), તા. વ્યારા જિ. તાપી.
- માન.શ્રી મંગળભાઇ ગંગાજીભાઇ ગાવિત, ધારાસભ્યશ્રી, ડાંગ,
  મુ. સીલોટમાળ, પોસ્ટ-દગુન્યા, તા. આહવા, જિ. ડાંગ.
- માન. શ્રી છનાભાઇ કોળુભાઇ ચૌધરી, ધારાસભ્યશ્રી, વાંસદા,
  મુ. પો. અંકલાછ, વણજારવાડી, તા. વાંસદા, જિ. નવસારી.
- માન. શ્રી ઇશ્વરભાઇ ઢેડાભાઇ પટેલ, ધારાસભ્યશ્રી, ધરમપુર,
  મુ. પો. આસુરા, ( હનુમાન ફળીયુ) તા. ધરમપુર, જિ. વલસાડ
- માન. શ્રી જીતુભાઇ હરજીભાઇ ચૌધરી, ધારાસભ્યશ્રી, કપરાડા,
  મુ.પો. કાકડકોપર, તા. કપરાડા, જિ. વલસાડ.

✓ ઓફિસર ફાઇલ